ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**મહેન્દ્રકુમાર બી ગજ્જર**
જોઈન્ટ સેક્રેટરી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૫ ૮૩૮૯૮



**બાબુભાઈ પટેલ**
મો. ૯૮૨૫૬ ૨૯૧૨૩



**કોકિલા ધીરજભાઈ પટેલ**
મો. ૯૮૯૮૮ ૧૫૯૨૩



**એન જી બારોટ**
સેક્શન અધિકારી, સચિવાલય



**દિપાલી જૈમિન વૈદ્ય**
મો. ૭૬૦૦૮ ૩૭૩૭૩



**આનંદ પ્રવીણકુમાર લેઉવા**
મો. ૯૫૭૪૩ ૮૩૯૪૪



**પરિ આશિષ બારોટ**
મો. ૯૭૨૩૦ ૦૦૦૧૫

# ‘વર્ષાનાં વળામણાં’



વર્ષાના આગમનથી કુદરત, માનવ, પશુ, પક્ષી સર્વે પુલકિત થઈ ઉઠે છે. લીલુડી ધરતી જાણે વર્ષાના વધામણાં કરતી હોય તેમ લાગે છે. વર્ષાના આગમનથી ધરતી પર અવનવા ઘાસ ઉગી નિકળે છે. જે ચોમાસું થતા સુકાઈ જાય છે. હવે શિયાળાનું આગમન નજીકમાં છે ત્યારે ચોમાસામાં ઉગેલા ઘાસની ગાંધીનગરના તસવીરકાર નિકુંજ વૈશ્યક દ્વારા લેવામાં આવેલી તસવીર નિહાળીએ અને વર્ષાનાં વળામણાં કરી વર્ષારાણીને પ્રાર્થના કરીએ કે આગામી વર્ષે વહેલાં પધારજો જેથી કુદરતની આવી સુંદર રચનાઓ

### બીસીએ કોલેજમાં

# વિજ્ઞાન સ્નાતકો માટે રોજગારીની તકો વિષયે વર્કશૉપ

ગાંધીનગર, તા. ૩૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગર (બી.સી.એ. અને પી.જી.ડી.સી.એ.) દ્વારા **“Employability Prospects in TCS fro Science Graduates”** શીષર્ક પર વર્કશોપ યોજાયો. જેમાં વિષય તજજ્ઞ તરીકે જય પ્રજાપતિ (ડેવલોપર કમ ટ્રેઈનર, એક્ષ્પર્ટ ટીમ મેમ્બર , **Tata Consultancy Services Ltd., TCS Ignite, Chennai**) ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર વર્કશોપનું આયોજન બી.સી.એ.ની પ્લેસમેન્ટ ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ૭૦ કરતા વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



કોલેજના ડાયરેક્ટર ડૉ. સંજય એમ શાહે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ ઈન્ડસ્ટ્રીની માંગને પહોચી વળે અને મલ્ટી નેશનલ કંપનીઓમાં નોકરી મેળવીને પોતાનું ભવિષ્ય ઘડી શકે તે માટે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપ વિષે વધુ માહિતી આપતા કોલેજના પ્લેસમેન્ટ સેલે જણાવ્યું હતું કે TCS જેવી કંપનીઓ વર્ષે હજારોની સંખ્યામાં ફ્રેશર્સ વિદ્યાર્થીઓ માટે નોકરીની તકો ઉભી કરે છે ત્યારે આ વર્કશોપના આયોજનથી વિદ્યાર્થીઓમાં આ કંપનીના ઓફિસીઅલ પોર્ટલ (**Employability Protal**) પર કેવી રીતે પોતાના નામની નોંધણી કરી શકે તે વિશેની માહિતી તથા વિવિધ સુવિધાઓ કઈ રીતે મેળવવી તેની માહિતી આપી હતી. ઉપરાંત **TCS**માં ઉપલબ્ધ એવી કોમ્પ્યુટર વિભાગની વિવિધ નોકરીની તકો અને તેને મેળવવા માટે વિદ્યાર્થીઓ કેવું આયોજન કરી શકે તેની માહિતી પણ આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે આ કોલેજમાંથી ચોક્કસ સંખ્યામાં વિદ્યાર્થીઓને ઝ્રજીમાં પ્લેસમેન્ટ મળે જ છે. સમગ્ર વોકર્શોપનું આયોજન સંસ્થાના ડીરેકટર ડૉ.સંજય એમ.શાહના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ સેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

**ડાયરેક્ટ ❤ સે**

સુખી થવું અઘરું નથી,
બીજા કરતાં વધારે સુખી થવું એ અઘરું છે.

# ગુજરાતી લેક્સિકન પરિવાર દ્વારા ૮મીએ સ્મૃતિ સભા

ગાંધીનગર, તા. ૩૦

વર્ષ ૨૦૧૪થી દર વર્ષે ઓક્ટોબર માસમાં ગુજરાતી લેક્સિકનના સ્થાપક અને ડિજિટલ ગુજરાતીના પ્રણેતા શ્રી રતિલાલ પ્રેમચંદ ચંદરયાની સ્મૃતિમાં ગુજરાતીલેક્સિકન પરિવાર દ્વારા સ્મૃતિ સભાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષ તૃતીય સભાનું આયોજન શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી હોલ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમરોડ, અમદાવાદ ખાતે તારીખ ૮ ઑક્ટોબર ૨૦૧૬, શનિવારના રોજ સાંજના ૫ વાગ્યે કરવામાં આવ્યું છે. આ સભાના મુખ્ય વક્તા તરીકે પ્રતિષ્ઠિત પદ્મશ્રી એવોર્ડ મેળવનાર, જાણીતાં ભાષાવિદ, બૌદ્ધિક અને કર્મશીલ ડૉ. ગણેશ દેવી ‘નિઃશબ્દતા’ વિષય ઉપર પોતાનું વક્તવ્ય આપશે. આ ઉપરાંત અગાઉ લંડનથી પ્રકાશિત થનાર ઓપિનિયન મેગેઝિનના સંચાલક કર્મનિષ્ઠ શ્રી વિપુલભાઈ કલ્યાણી સભાના પ્રમુખ તરીકે ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત વર્ષ ૨૦૧૫થી મુખ્ય વિષય ગુજરાતી સાથે એમ.એ. અથવા પી.એચ.ડી કરતાં હોય તેવા પસંદગી સમિતિ દ્વારા પસંદ કરાયેલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ વર્ષે પણ આ શિષ્યવૃત્તિનું વિતરણ સભા દરમ્યાન કરવામાં આવશે. આ શિષ્યવૃત્તિ માટેના નોમિનેશન વિવિધ યુનિવર્સિટીના ભાષા ભવન વિભાગમાંથી તથા આ વર્ષથી ઓનલાઈન પણ મંગાવવામાં આવી હતી અને તેમાંથી વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે. વિવિધ વિદ્યાર્થીઓ વચ્ચે કુલ ૧૦૦૦૦૦ રૂપિયાની શિષ્યવૃત્તિનું વિતરણ કરવામાં આવી હતી.

તે સિવાય વર્ષ ૧૯૫૦ થી ૧૯૭૮ દરમ્યાના મહેન્દ્રભાઈ મેઘાણીના સંચાલક પદ હેઠળ કાર્યવંત ડિજિટલ મિલાપ મેગેઝિનનું વિમોચન કરવામાં આવનાર છે.

# મહર્ષિ તેજાનંદ સ્વામીને શ્રદ્ધાંજલિ અર્પવા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

મહર્ષિ તેજાનંદ સ્વામીની ૫૫૬મી પુણ્યતિથી નિમિત્તે ગાંધીનગરના અંતિમ ધામમાં પૂજ્ય સ્વામીજીની પ્રતિમાને ભવ્ય પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પાટનગર ગુરૂ બ્રાહ્મણ સમાજના મુખ્ય કન્વીનર સુખાનંદ શ્રીમાળી, સહ કન્વીનર ત્રિભોવનદાસ શ્રીમાળી, ગર્ગાચાર્ય ચેરીટેબલ ટ્રસ્ટના સહમંત્રી રીંકુભાઈ શ્રીમાળી તથા અધિક ઉદ્યોગ કમિશનર એચ.ડી. શ્રીમાળી, પાટણવાડા ગુરૂબ્રાહ્મણ વિકાસ મંડળના નવિનભાઈ સાધુ, હરગોવનભાઈ શ્રીમાળી, ભિખુભાઈ શ્રીમાળી, મેહુલભાઈ શ્રીમાળી, ભાનુભાઈ જોષી તેમજ પાટનગર ગુરૂ બ્રાહ્મણ સમાજના કાર્યાલય મંત્રી ચિમનભાઈ રાજગોર તથા પ્રવકતા ભાનુભાઈ દવે સહિતના સમાજના અગ્રગણીઓ પૂજ્ય શ્રી સ્વામીજીની પુણ્યતિથિ નિમિત્તે પ્રાર્થના કરી પુષ્પહાર અર્પણ કર્યા હતા.

# ગૂંજ ફાઉન્ડેશન દ્વારા સ્વચ્છતા અભિયાન અંગે શિબિર યોજાઈ



ગૂંજ ફાઉન્ડેશન દ્વારા સેકટર-૧૬ પ્રાથમિક શાળા ખાતે સ્વચ્છતા અભિયાન શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં જાણીતા એડવોકેટ અશ્વિનભાઈ ત્રિવદી અને સામાજિક અગ્રણી તથા એડવોકેટ પ્રદિપસિંહ વાઘેલાએ સ્વચ્છતા વિશે માહિતી પૂરી પાડી હતી. શાળાના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં શિબિરનો લાભ લીધો હતો. શિબિરમાં ગૂંજ ફાઉન્ડેશનના કાર્યકર્તાઓ પણ હાજર રહ્યા હતા.

# એએફએસ વૉલન્ટીયર્સ મીટમાં ગાંધીનગર છવાયું



ગાંધીનગર, તા. ૩૦

એએફએસ દ્વારા ગુડગાંવ, દિલ્હી ખાતે એન્યુઅલ વોલન્ટીયર મીટ સમીટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર ભારતમાંથી પચીસ જેટલા ચૅપ્ટરના ૧૪૦ જેટલા વૉલન્ટીયર્સ ઉપસ્થિત રહ્યા હતા. આ વૉલન્ટીયર્સમાં શિક્ષકો, પ્રિન્સિપાલ, વિદ્યાર્થીઓ અને હોસ્ટ ફેમિલીઝ પણ સામેલ હતાં. ગુજરાતમાંથી ગાંધીનગર ઉપરાંત રાજકોટ, આણંદ, કડી, બરોડા, અમદાવાદ ચૅપ્ટરના વૉલન્ટીયર્સે આ મીટમાં ભાગ લીધો હતો. ગાંધીનગરમાં સૅક્ટર-૨૩ ખાતે કાર્યરત ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન પણ આ સ્વયંસેવકો પૈકીના એક હતા.

આ બેઠક અંતર્ગત વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી કરનારા સ્વયંસેવકોને પ્રમાણપત્રો અને સ્મૃતિચિહ્નો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રશંસનીય કામગીરી માટે જનકભાઈ ગજ્જર, આઉટસ્ટેન્ડિંગ ઍમ્બેસેડર તરીકે હાર્દિ મંકોડી, બેસ્ટ યજમાન સ્કૂલ તરીકે કડી સર્વ વિદ્યાલય સંચાલિત ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, ગાંધીનગર સાંસ્કૃતિક સ્ટોલને મળેલાં સન્માનથી ગાંધીનગરનું ગૌરવ વધ્યું હતું.

આ પ્રસંગે લીડરશીપ ટ્રેનીંગ, કલ્ચરલ ટ્રેનીંગ, વૉલન્ટીયર્સ ટ્રેનીંગ, પીસ ઍજ્યુકેશન ટ્રેનીંગનું આયોજન પણ સ્વયંસેવકો માટે કરવામાં આવ્યું હતું. લીડરશીપ ટ્રેનર તરીકે યુઍસ ઍમ્બેસીના કન્ટ્રી હેડ જે પી દાસ ઉપસ્થિત રહ્યા હતા. પીસ ઍજ્યુકેશન પર વિશેષ ધ્યાન આપવા માટે એઍફઍસ દ્વારા નવા ચૅપ્ટરની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચિયનની પસંદગી કરવામાં આવી છે. આ બેઠકમાં ગાંધીનગર ચૅપ્ટરના અર્પિત ક્રિશ્ચિયન, કેવલ ગજ્જર, સેજલબેન પરમાર, મેઘ બુચ, સોનલબેન શાહ, કૃપા દવે, ધવલભાઈ પારેખે ભાગ લીધો હતો.

# દીકરો કે દીકરી જનમતાં નથી, આપણે બનાવીએ છીએ

## મહિલાઓને સમાનતા તથા તેમના અધિકારો અંગે જાગૃતિ લાવવા પોપ્યુલેશન ફર્સ્ટ સંસ્થા દ્વારા બે દિવસીય વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં ઈન્ફોસીટી રિસોર્ટ ખાતે પોપ્યુલેશન ફર્સ્ટ સંસ્થા દ્વારા સમાજમાં મહિલાઓને સમાનતા તથા તેમના અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવાના પ્રયાસરૂપે તા. ૨૮થી તા. ૨૯મી સપ્ટેમ્બર દરમ્યાન બે દિવસીય ‘‘જેન્ડર મિડિયા’’ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં અમદાવાદ તથા ગાંધીનગરના પત્રકારો તેમજ પત્રકારત્વનો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને વિવિધ તજજ્ઞો દ્વારા સઘન તાલીમ આપવામાં આવી હતી. આ વર્કશોપમાં બેટી બચાવો, ભ્રુણ હત્યા, મહિલાઓના અધિકારો તથા સમાજમાં સમાન સ્થાન અંગે માર્ગદર્શન અપાયુંહતું. જેન્ડર મિડિયા વર્કશોપમાં પ્રથમ દિવસે



એક્સિપિરીમેન્ટલ થીએટરના સ્થાપક મંજુલ ભારદ્વાજ, ગુજરાત યુનિવર્સિટીના સોશ્યલોજી તથા સામાજિક વિજ્ઞાન વિભાગના એસોસિએટ પ્રાધ્યાપક ડૉ. ગૌરાંગ જાની, મિડીયા એન્ડ કોમ્યુનિકેશન નિષ્ણાંત માલતી મહેતા, પોપ્યુલેશન ટ્રસ્ટના જેન્ડર એક્ષ્પર્ટ શ્રી નિધિ રાઘવન, ડાયરેકટર એ.એલ. શારદા, ચેતના સંસ્થાના ડાયરેક્ટર પલ્લવી પટેલ તથા ગાંધીનગરના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ડી. સી. જોગાણીએ વિવિધ વિષયે તાલીમ આપી હતી. વર્કશોપના બીજા દિવસે મંજુલ ભારદ્વાજ ઉપરાંત ગુજરાત રિસોર્સ સેન્ટરના ડાયરેક્ટર ડૉ. દિનેશ કાપડિયા, કન્સલટન્ટ જયોતિ ગડે, સફર સંસ્થાના ડાયરેકટર તથા એડવોકેટ સોફિયાખાન, દૂરદર્શનના હેડ ઓફ પ્રોગ્રામ રૂપા મહેતા તથા અમદાવાદ મિરરના તંત્રી દીપલ ત્રિવેદીએ તાલીમ પુરી પાડી હતી. આ વર્કશોપમાં મહિલાઓના સ્વાસ્થ્ય, અધિકારો, સામાજિક, આર્થિક, રાજકીય તથા વ્યવસાયિક ક્ષેત્રે કરાતી અવગણના સહિત ભ્રુણહત્યા અને કાયદાકીય જોગવાઈઓ વગેરે વિષયોને આવરી લેવાયા હતા. વર્કશોપમાં વિવિધ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન ઉપરાંત રોલપ્લે, ગેમ્સ, સ્કીટ, માઈમ, ગૃપ ડિસ્કશન, અભિવ્યક્તિ વગેરે દ્વારા સઘન તાલીમ અપાઈ હતી. વર્કશોપમાં આશરે ૧૫થી વધુ પત્રકારો તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ગેસીયાએ રાજ્યમાં આઈટી ક્ષેત્રના વધતા જતા પ્રભાવને બિરદાવ્યો

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતમાં આઈસીટી ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતી એક માત્ર સંસ્થાએ આજે તેના ૯મા વાર્ષિક એવાર્ડ ફોર એક્સેલન્સ ઈન આઈસીટી ૨૦૧૬ માં ગુજરાત સ્થિત ૧૦ આઈસીટી કંપનીઓનું બહુમાન કર્યું હતું. એવાર્ડઝની કેટેગરીમાં: બેસ્ટ આઈસીટી સ્ટાર્ટઅપ, બેસ્ટ ઈનોવેટીવ આઈસીટી સોલ્યુશન અથવા પ્રોડકટ, બેસ્ટ સોફટવૅર કંપની, બેસ્ટ વર્કપ્લેસ આીસીટી અથવા ઈલેક્ટ્રોનિક ઈન્ડસ્ટ્રી, બેસ્ટ આઈસીટી ઈનિશ્યેટીવ ઈન પબ્લિક સેકટર ગુજરાત, બેસ્ટ આઈસીટી ઈનિશિટીવ ઈન એજ્યુકેશન સેકટર, બેસ્ટ આઈસીટી મેનેજડ સર્વિસ પ્રોવાઈડર, બેસ્ટ બીપીઓ અથવા કેપીઓ અને બેસ્ટ આઈસીટી સોલ્યુશન અથવા પ્રોડકટ ઈન સીએસઆરનો સમાવેશ થાય છે. ગેસીયા આઈયી એસોસિએશનના ચેરમેન અને ડિરેકટર શ્રી વિવેક ઓગરા જણાવે છે કે ‘‘ગેસીયા આીટી એસોસિએશન માટે આ ગૌરવની ક્ષણ છે. પસંદગીની પ્રક્રિયા આસાન ન હતી પણ આખરે સમર્પિત ટીમ દ્વારા સ્થાનિક સ્તરે મોખરાની કેટેગરીઝમાં શ્રેષ્ઠ કામગીરી કરનારની પસંદગી કરાઈ છે. ગુજરાત આઈસીટી ક્ષેત્રની તાકાતની દ્રષ્ટીએ ઘણુ આગળ વધ્યું છે અને આજે તમે તે જોઈ શકશો. એવોર્ડઝની સાથે સાથે,નાસ્કોમની ટીમ સાથે ગુજરાતમાં સૌ પ્રથમ વાર રિટ્રીટનું આયોજન થયું છે. આથી વધારે અમને શું જોઈએ!’’ ગેસીયાના સેક્રેટરી અને ડિરેકટર શ્રી તેજીન્દર ઓબેરોય જણાવે છે કે ‘‘ઈનોવેશનની ભાવનાને પ્રોત્સાહન મળે તે માટે આ વર્ષે સ્પેશ્યલ સ્ટાર્ટઅપ કેટેગરી ઉમેરવામાં આવી છે. એક સમર્પિત સ્ટાર્ટઅપ ભંડોળ ની રચના કરીને કેન્દ્ર સરકારે ઉદ્યોગસાહસિકતાને વેગ આપવા જે કદમ ભર્યુ છે તેનાથી પ્રોત્સાહિત થઈ અને આ વલણ દર્શાવ્યું છે.’’ ૧૦ કેટેગરીમાં આકરી પ્રક્રિયા હાથ ધરીને જ્યુરીના પ્રતિષ્ઠિત સભ્યોએ ૨૦૦થી વધુ નોમિનેશન્સમાંથી આ પસંદગી કરી છે. નાસ્કોમની એક્ઝિક્યુટિવ બોડીના સભ્યો, ટેચના સરકારી અધિકારીઓ ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી જે. એન. સિંઘ તથા ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ શ્રી ધનંજય દ્વિવેદીની હાજરીમાં આ એવાર્ડઝ એનાયત કરવામાં આવ્યા હતા. ડો. રેવાઈ-બેરે લોબર્ટ, કોન્સ્યુલેટ જનરલ, ગવર્નમેન્ટ ઓફ હંગેરી, શ્રી જ્યોફ વેઈન, ડે. હાઈકમિશનર યુકે ગવર્નમેન્ટ, જીઆઈડીસીનાં એમડી અને વાઈસ ચેરમેન શ્રીમતી ડી. થારા (IAS), શ્રી રૂપવંતસિંઘ (IAS), એમડી. ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડ, ડો. ઓમકાર રાય, ડિરેકટર જનરલ, સોફટવૅર ટેકનોલોજી પાર્ક ઓફ ઈન્ડિયા, શ્રી રાકેશ કૌલ, પાર્ટનર પીડબલ્યુસી, ડો. જે. એમ. વ્યાસ, ડિરેકટર જનરલ ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી અને નાસકોમ એકઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યો માનવંતા મહેમાન તરીકે આ પ્રસંગે હાજર રહ્યા હતા.



શ્રી મુકતજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર, વિશ્વ શાંતિ કેન્દ્ર રજત મહોત્સવ આચાર્યશ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના અધ્યક્ષ પદે યોજાયેલ મહોત્સવ અંતર્ગત ઠાકોરજીને અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો. આ અવસરે સત્સંગી હરિભકતોએ પ્રેમથીઆરતી ઉતારી હતી.

# વાચકોને આમંત્રણ

## ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

## ‘મારું વતન - વહાલું વતન’